રજુ તારીખ	૩૦/૧૨/૨૦૧૯
દાખલ તારીખ	૩૦/૧૨/૨૦૧૯
ફેંસલ તારીખ	૧૯/૦૮/૨૦૨૩
સમયગાળો	વર્ષ : ૦૩ માસ: ૦૭ દિન: ૨૦

મે. મજૂર અદાલત, અમદાવાદના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ

રેફરન્સ(ટી) કેસ નં.૧૨૨૭/૨૦૧૯
આંક–૧૪

પ્રથમ પક્ષકાર: **મેનેજરશ્રી/વહીવટકર્તાશ્રી રૂદ્ર ટેક કાસ્ટ,**
પ્લોટ નં.૪૯, સુભાષ ઈન્ડ પાર્ક,
સર્વોદય હોટલની પાછળ,
સરખેજ રાજકોટ હાઈવે, મોરૈયા,
તા.સાણંદ, જી.અમદાવાદ

– : : વિરૂઘ્ધ – ::

બીજા પક્ષકાર : **સુનીલ ચંદ્રબલી પાલ,**
શકિતનગરના છાપરા, ભીલવાસ,
પાણીની ટાંકી પાસે, સરદાર નગર, અમદાવાદ
C/o. નવજાગ્રત લેબર યુનિયન,
૧૮, મંજુરખાનની ચાલી, રામનગર,
ભીલવાડા, અમરાઈવાડી, અમદાવાદ

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : –
બીજા પક્ષકાર તરફે : શ્રી એ.આર.મિશ્રા

–:: એ વો ર્ડ::–

(૧) સદર કામના બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ મજુર કમિશનર, અમદાવાદના તા.૨૬/૧૨/૨૦૧૯ ના હુકમ ક્રમાંક: નાશ્રઆ/અવિ/વિભાગ–૪/આઈ.ડી.આર.નં.૨૧૩/વર્ષ–૧૯/૨૯૬૫૪ થી મજુર અદાલત, અમદાવાદ

ને સુપ્રત કરવામાં આવેલ, ત્યારબાદ યોગ્ય ઓથોરીટીના વખતો વખતના હુકમોથી સદરહુ રેફરન્સ અત્રેની અદાલતને તબદીલ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા/સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર/કામદાર તરીકે સંબોધવામાં આવશે.

(૩) આ કામે આંક–૨ થી અરજદારને બેલીફશ્રી ધ્વારા નોટીસની બજવણી કરવામાં આવતા તેઓને નોટીસ બજી ગયેલ છે. તેમજ સામાવાળાને નોટીસની બજવણી કરવામાં આવતા તેઓને નોટીસ બજી ગયેલ છે જેની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક–૩ થી રજુ થયેલ છે. તેમજ અરજદાર તરફે આંક–૪ થી તેમના વિ.પ્રતિનિધિશ્રી એ.આર.મિશ્રાનુ અધિકાર પત્ર રજુ થયેલ છે અને આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં અરજદારે જણાવેલ છે કે, તેઓએ સામાવાળા સંસ્થામાં છેલ્લા ૧ વર્ષ ઉપરાંતથી મોલ્ડીંગ ખાતામાં કાયમી ખાતા ઈન્ચાર્જ તરીકેના હોદ્દા ઉપર તેમની નોકરીની ફરજો સંપૂર્ણ ખંત, નિષ્ઠા, પ્રમાણિકતા તેમજ જવાબદારીપૂર્વક બજાવતા હતા. તેઓને કામગીરી બદલ માસીક રૂા. ૨૨,૫૦૦/– પગાર ચુકવવામાં આવતો હતો. તેઓ કામગીરીમાં ખુબ જ નિયમિત હતા અને કયારેય અનિયમિતતા કે બેદરકારી દાખવેલ નથી. તેમના કામ બાબતે સામાવાળા સંસ્થાને પુરેપુરો સંતોષ હતો અને તે બાબતે કદાપી કોઈ શોકોઝ નોટીસ, મેમો કે ઠપકો મળેલ નથી. તે રીતે તેમનો સર્વિસ રેકર્ડ બિલકુલ નિષ્કલંક અને ચોખ્ખો હતો. તેઓએ તેમની નોકરીના વર્ષમાં છુટા કર્યાના ૧૨ માસ પહેલા ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ છે. સામાવાળા સંસ્થામાં આશરે ૫૦ જેટલા કામદારો નોકરીની ફરજો બજાવે છે. તેથી તેને ધી આઈ.ડી.એકટ, મીનીમમ વેજીસ એકટ, પેમેન્ટ ઓફ વેઈજીસ એકટ, ઈ.એસ.આઈ. એકટ તેમજ પી.એફ. એકટ વગેરે વિવિધ મજુર કાયદાઓ લાગુ પડે છે. કાયદાઓમાં જણાવ્યા મુજબના લાભો કે દસ્તાવેજો અરજદાર અને તેમની સાથે કામ કરતા અન્ય કામદારોને આપવામાં આવતા ન હતા. તેઓને મળવાપાત્ર મજુર કાયદા હેઠળના હકકો અને લાભો જેવા કે હાજરીકાર્ડ, પગાર સ્લીપ, આઈકાર્ડ, હકકરજા, હકકરજાકાર્ડ વગેરે આપતા ન હતા તે તમામની માંગણી અરજદારે સામાવાળા સંસ્થાના માલીકશ્રી પાસે મૌખિકમાં કરેલી પરંતુ તે તેઓને આપવામાં આવેલ નથી અને આજ કાલ કરી ખોટા

આશ્વસનો જ આપવામાં આવેલા છે. અરજદારનો માર્ચ–૨૦૧૯ ના માસનો કામ કરેલા દિવસોનો પગાર સામાવાળા સંસ્થા ધ્વારા ગેરકાયદેસર રીતે રોકી રાખવામાં આવેલ હતો. પગાર વગર ચાલી શકે તેમ ન હોવાથી અરજદારે તેની માંગણી કરતા સામાવાળા સંસ્થાના માલીકો તેમના ઉપર એકાએક ઉશ્કેરાઈ જઈ ધ્વેષભાવ તેમજ કિન્નાખોરી રાખી અનફેર લેબર પ્રેકટીસ આચરી ચાલુ નોકરી ઉપરથી તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજથી મૌખિક હુકમથી છુટા કરેલ છે. તેઓને છુટા કરતા અગાઉ કોઈ નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપવામાં આવેલ નથી કે તેમની નોકરી દરમ્યાનના નીકળતા અન્ય હયાત હકકો ના નાણા વારંવાર માંગણી કરેલ હોવા છતાં ચુકવી આપેલ નથી કે તેમના વિરૂધ્ધમાં કોઈ પણ ગુનાસર ખાતાકીય તપાસ કે ઈન્કવાયરી હાથ ધરેલ નથી. જે બાબતે અરજદારે મદદનીશ શ્રમ આયુકતની કચેરીએ ફરીયાદ નોંધાવેલ.અરજદારે સામાવાળા સંસ્થાને રજી એ.ડી. પત્ર મોકલાવી પુન:સ્થાપિત કરવા વિનંતીઓ કરેલ. તે પત્ર સામાવાળા સંસ્થાને મળવા છતાં તેમના પત્રનો કોઈ જવાબ આપેલ નથી. અરજદાર વાંરવાર સામાવાળા સંસ્થાની નોકરી ઉપર ગયેલા પરંતુ તેઓને કામ આપતા ન હતા. તેઓ બેકાર છે. તેઓ જીવન ગુજારવા સગા સંબંધીઓ પાસેથી ઉછીના નાણા લઈ ઘર ચલાવે છે. સામાવાળા સંસ્થા તેઓને આજે પણ નોકરીએ રાખે તો તેઓ કામ ઉપર જવા તૈયાર છે. અરજદારે જી. આઈ.ડી.સી. વટવા, કઠવાડા, નરોડા તેમજ ઘણી જગ્યાએ નોકરી મેળવવાનો પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નથી. વધુમાં અરજદાર દાદ માંગતા જણાવે છે કે, સામાવાળા સંસ્થાનો અરજદારને તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજથી નોકરીમાંથી છુટા કરવા અંગેનો મૌખિક હુકમ ગેરકાયદેસર, ગેરવાજબી, અન્યાયી, મનસ્વી, માલાફાઈડ ઈન્ટેન્શનથી ભરપુર તેમજ આઈ.ડી.એકટની જોગવાઈઓ ખુલ્લેઆમ ભંગ કરનારુ હોય તે રદબાતલ ઠરાવી તેઓને સામાવાળા સંસ્થા છુટા કર્યાની તારીખથી પડેલા દિવસોના પુરેપુરા પગાર ભરપાઈ કરી સળંગ સર્વિસ ગણી તેમની મુળ જગ્યાએ નોકરીના અન્ય તમામ આનુષાંગિક લાભો સહિત પુન:સ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા તેમજ રેફરન્સ સામાવાળા સંસ્થાના કસુરથી કરવો પડેલ હોય ખર્ચના રૂા.૫૦૦૦/– તેઓ પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૪) આ કામે સામાવાળાએ અરજદારના માંગણા નિવેદન અન્વયે કોઈ લેખિત જવાબ રજુ કરેલ ન હોવાથી તેઓનો લેખિત જવાબનો હકક બંધ કરાવવાની અરજદારની આંક–૭ ની અરજી લગત સામાવાળા સંસ્થાનો લેખિત જવાબનો હકક બંધ કરવામાં આવે છે.

(૫) અરજદાર તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો.

મૌખિક પુરાવો.

અ.નં	**સાહેદની વિગત**	**આંક**
૧.	અરજદાર સુનિલ ચંદ્રબલી પાલનુ સોગંદનામુ	૮

દસ્તાવેજી પુરાવો.

અ.નં	**દસ્તાવેજની વિગત**	**આંક/માર્ક**
૧.	અરજદારે સામાવાળા સંસ્થા નં.૧ ને યુનિયન મારફતે મોકલાવેલ ડીમાન્ડ નોટીસની ખરી નકલ તા.૧૭/૧૦/૧૯	૬/૧
૨.	નં.૧ નો પત્ર સામાવાળા સંસ્થાને રજી.એ.ડી. પોસ્ટ ધ્વારા મોકલાવેલ છે તે અંગેની મની રસીદ અસલ	૬/૨
૩.	નં.ર વાળો પત્ર સામાવાળા સંસ્થાને મળી ગયેલ છે તે અંગેની એકનોલેજમેન્ટ અસલ	૬/૩
૪.	સામાવાળા સંસ્થાને રજી.એ.ડી. ધ્વારા માંગણાનુ નિવેદન મોકલાવેલ છે તે અંગેની મની રસીદ અસલ	૬/૪
૫.	સામાવાળા સંસ્થાને માંગણાનુ નિવેદન મળી ગયેલ છે તે અંગેની એકનોલેજમેન્ટ અસલ	૬/૫

(૬) આ કામે સામાવાળાએ અરજદારની જુબાનીની ઉલટ તપાસ કરેલ ન હોય તેથી અરજદાર તરફે સામાવાળા સંસ્થાનો ઉલટ તપાસનો હકક બંધ કરવાની આંક–૧૧ ની અરજી લગત સામાવાળા સંસ્થાનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવે છે. તેમજ આંક–૧૨ થી અરજદાર તરફે કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. અરજદાર તરફે સામાવાળાનો સાક્ષી પુરાવા નો હકક બંધ કરવાની અરજી લગત આંક–૧૩ થી સામાવાળા સંસ્થાનો સાક્ષી પુરાવાનો હકક બંધ કરવામાં આવે છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફે તેમના વિ.પ્રતિનિધિશ્રીએ

દલીલો કરેલ છે પરંતુ સામાવાળા તરફે દલીલના તબકકે કોઈ હાજર ન હોવાથી તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતે આ કામના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>– : : મુદ્દાઓ : : –</u>

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબના છે.

–<u>:કારણો:</u>–

૯.૧) મુદ્દા નં.(૧) અને (૨) :–

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓ ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબીત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાનું અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનું અને ત્યારબાદ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે.

આ કામમાં અરજદારના માંગણાના નિવેદનની હકીકત જોવામાં આવે તો અરજદાર સામાવાળા સંસ્થામાં ૧ વર્ષ ઉપરાંતથી મોલ્ડીંગ ખાતામાં કાયમી ખાતા ઈન્ચાર્જ તરીકેના

હોદ્દા ઉપર નોકરીની ફરજો બજાવતા હતા. તેમજ તેઓને તા.૧૯/૪/૨૦૧૯ ના રોજથી કોઈ નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપ્યા વિના કે તેમની નોકરી દરમ્યાનના નીકળતા અન્ય હયાત હકકોના નાણા નહી ચુકવીને કે કોઈ પણ ગુનાસર ખાતાકીય તપાસ, ઈન્કવાયરી કર્યા વગર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોવાનું કથન કરેલ છે.

આ કામે અરજદાર તરફેથી આંક–૮ થી સોગંદ ઉપરની સરતપાસ રજુ થયેલ હતી. ત્યારબાદ આ કામે અરજદાર તરફેથી સામાવાળા સંસ્થાનો ઉલટતપાસનો હકક બંધ કરવા સારૂ આંક–૧૧ ની અરજી રજૂ થતાં અરજી મંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામમાં સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવા સારૂ અરજદાર તરફેથી આંક–૧૩ થી અરજી રજૂ કરવામાં આવેલ છે તે મંજૂર કરવામાં આવેલ છે. અરજદારે રજુ કરેલ આંક–૮ નું સોગંદનામું જોવામાં આવે તો તેમાં માંગણાના નિવેદનની હકીકતને દોહરાવેલ છે. અરજદારે તેમના સોગંદનામામાં જે હકીકત જણાવેલ છે કે, તે બીન પડકારાયેલ છે. સામાવાળાએ હાજર રહી ને અરજદારની ઉલટતપાસ કરેલ નથી. આથી તેમનો સમાવેશ આઈ.ડી.એકટ અન્વયે કલમ ૨(એસ) માં કરવામાં આવેલ કામદારની વ્યાખ્યામાં થાય છે, જેથી અરજદાર કલમ ૨(એસ) મુજબના કામદાર હોવાની હકીકત પુરવાર થાય છે.

૯.૨) ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી. એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે.

૯.૩) આ કામના અરજદારના કથન મુજબ તેઓ સામાવાળા સંસ્થામાં ૧ વર્ષ ઉપરાંતથી મોલ્ડીંગ ખાતામાં કાયમી ખાતા ઈન્ચાર્જ તરીકેના હોદ્દા ઉપર કામગીરી કરતા હતાં અને તેઓને તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ મૌખીક હુકમથી છુટા કરવામાં આવેલ હતાં. જયારે સામાવાળાએ આ કામમાં કોઈ બચાવ રજુ કરેલ નથી. વધુમાં અરજદારે રજુ કરેલ આંક–૮ ના સોગંદનામામાં તેઓએ સળંગ કામગીરી કરતા હોવાનું કથન કરેલ છે અને ગેરકાયદેસર રીતે તા.૧૯/૪/૨૦૧૯ ના રોજ છુટા કરેલ તેવું જણાવેલ છે. આમ અરજદારે

જે સોગંદ ઉપરની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેની સામાવાળાએ હાજર રહીને ઉલટતપાસ કરેલ નથી એટલે કે તે હકીકતને પડકારેલ નથી કે ઈન્કાર કરેલ નથી.અરજદારે રજુ કરેલ આંક–૮ ના સોગંદનામામાં તેઓ મોલ્ડીંગ ખાતામાં કાયમી ખાતા ઈન્ચાર્જ તરીકે ના હોદ્દા ઉપર કામગીરી કરતા હોવાનું કથન કરેલ છે અને ગેરકાયદેસર રીતે તા. ૧૯/૦૪/૨૦૧૯ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ તેવું જણાવેલ છે. આમ અરજદારે જે સોગંદ ઉપરની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેની સામાવાળાએ હાજર રહીને ઉલટતપાસ કરેલ ન હોઈ તે કારણસર તેમની સામે વિરુધ્ધનું અનુમાન કરવાનુ થાય છે અને તે આધારે અરજદારે તેઓને છુટા કર્યા તા.૧૯/૦૪/૨૦૧૯ ના અગાઉ કલમ ૨૫ (બી)(૧) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે.

૯.૪) ત્યારબાદ હવે આ કામના અરજદારે આઈ.ડી. એકટની કલમ–૨૫(બી)(૧) મુજબ અતુટ રીતે સળંગ નોકરી કરેલ છે કે કેમ અથવા તો કલમ–૨૫(બી)(૨) મુજબ નોકરીમાંથી છુટા કર્યાના અગાઉના ૧૨ માસમાં ૨૪૦ દિવસ ઉપરાંતની સળંગ નોકરી કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. આ કામના અરજદારના કથન મુજબ તેઓ સામાવાળા સંસ્થામાં ૧ વર્ષ ઉપરાંતથી મોલ્ડીંગ ખાતામાં કાયમી ખાતા ઈન્ચાર્જ તરીકેના હોદ્દા ઉપર ફરજો બજવતા આવેલા હતાં અને તેઓને તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હતાં. જયારે સામાવાળાએ આ કામમાં કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી એટલેકે તે હકીકતને પડકારેલ નથી કે ઈન્કાર કરેલ નથી.

૯.૫) હવે અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે કે કેમ તે હકીકત જોવાની રહે છે. તે માટે આઈ.ડી. એકટની કલમ–૨૫(એફ)ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

<u>૨૫(એફ) : કામદારોની છટણીની પુર્વ શરતો.</u>

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :

(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી :

પરંતુ,

(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરી ને, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,

કરી શકશે નહી. *''*

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–ર(૦૦) માં કરેલ છે. તે નોંધવી જરૂરી બને છે.

કલમ–ર(૦૦) 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી અથવા

(બી) માલીક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તી વયે પહોંચતા કામદારની નિવૃત્તી, અથવા

(બીબી)માલીક અને સબંધીત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાચેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ :

૯.૬) આ કામમાં અરજદારના કથન મુજબ તેઓને સંસ્થાએ તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોવાનું કથન કરેલ છે. આ કામે સામાવાળાએ હાજર રહીને અરજદારની સરતપાસની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે તેમના તરફેથી સ્વતંત્ર પુરાવો રજુ કરેલ નથી. આ સંજોગોમાં અરજદારે જે કથન કરેલ છે અને તેના

સમર્થનમાં સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે, તે બીનપડકારાયેલ છે. આ સંજોગોમાં અરજદારને તા.૧૯/૦૪/૨૦૧૯ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. ત્યારે અરજદારને કલમ ૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈ નું પાલન કર્યા સિવાય નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોઈ, જેથી મુદ્દા નં.(૧) નો જવાબ તે રીતે ''**હકારમાં**' આપવામાં આવે છે.

૯.૭) હવે અરજદારને શું દાદ મળવાપાત્ર છે તેની ચર્ચા કરવાની થાય છે. આ કામમાં અરજદાર સામાવાળાને ત્યા છેલ્લા ૧ વર્ષ ઉપરાંતથી ફરજ બજાવેલ છે. વધુમાં અરજદાર તરફેથી રજુ થયેલ સરતપાસના સોગંદનામામાં તેઓની ઉંમર પુખ્ત વય હોવાનું જણાવેલ છે.તે સંજોગો માં અરજદાર હજુ કામ કરી શકે તેમ છે. તેમજ સામાવાળાએ હાજર રહીને કામ ઉપલબ્ધ નથી તેવું કોઈ કથન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કેસમાં અરજદારને પુન:સ્થાપિત કરવાનું ન્યાયોચિત જણાય છે. વધુમાં અરજદારે સળંગ નોકરી કરેલ હોય, જેથી તેઓને સળંગ નોકરી સાથે પુન:સ્થાપિત કરવાનુ ન્યાયોચિત જણાય છે.

૯.૮) હવે, પડેલ દિવસની ચર્ચા કરવામાં આવે તો અરજદાર તેમના સરતપાસના સોગંદનામામાં તેઓને છુટા કર્યા પછી તેઓએ બીજે નોકરી શોધવા પ્રયત્ન કરેલ, પરંતુ તેઓને નોકરી મળેલ નથી તેવું કથન કરેલ છે. આ કામે અરજદારે કામ મેળવવા કોઈ લેખીતમાં અરજી કરેલ હોય તે લગત કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. વધુમાં કોઈપણ વ્યકિત લાંબા સમય સુધી કોઈપણ કામકાજ વગર સતત બેકાર બેસી રહેલ હોય તેવું માની શકાય નહીં. તે સંજોગોમાં અરજદાર અંશત: બેકાર હોવાનું પુરવાર થાય છે. તેમજ અરજદારનો છેલ્લો માસીક પગાર ધ્યાને લેતાં તેમજ તેમની ઉંમર અને હાલના પ્રોસીડીંગનો સમય ધ્યાને લેતાં અરજદારને પડેલ દિવસોના પગાર પેટે ૩૦% રકમ ચુકવવાનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદારને પડેલ દિવસના પગારની ૩૦% રકમ તેમજ સળંગ નોકરી સાથે તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવાનો થતો હોઈ, જેથી મુદ્દા નં.૨ નો જવાબ તે રીતે ''**અંશત: હકાર**'' માં આપવામાં આવે છે. હાલ ના કેસમાં ન્યાયનાં હિતમાં મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: <u>હુકમ</u> ::–

(૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ તેઓને પડેલા દિવસોના ૩૦ % પગાર તથા સળંગ નોકરી સાથે તેઓની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સામાવાળાએ આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજદારને તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાના રહેશે. તેમજ પડેલા દિવસના પગારની રકમ પણ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં ચુકવી આપવાની રહેશે.

(૩) કેસના સંજોગો ધ્યાને લેતા હાલના રેફરન્સ ખર્ચના રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) સામાવાળાએ અરજદારને અલગથી ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) લેબર કોર્ટ,અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ(પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૯–૦૮–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)
CODE : GJ01045
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.